# જ્ઞાતિના નવોદિત ચાર્ટર્ડ એકાઉન્ટન્સ



(૧) ભુજનાં શ્રી પિનાકીનભાઈ અને શ્રીમતી દિપ્તીબેન વોરાનાં પુત્રી **કુ. જયતિ વોરા** નવેમ્બર-૧૧માં લેવાયેલ સી. એ. (ફાઇનલ) પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયાં. ગં. સ્વ. સુલોચનાબેન અને સ્વ. રવિન્દ્રભાઈ વોરાનાં પૌત્રી જયતિએ વિપરીત પરિસ્થિતી અને કઠીન સંજોગોમાં આ પદવી મેળવી ક. વ. ના. બ્રા. જ્ઞાતિમાં સર્વપ્રથમ મહિલા સી. એ. તરીકે જ્ઞાતિ અને કુટુંબને ગૌરવ બક્ષ્યું છે.



(૨) વડોદરાના **હિતાર્થ મયુર દેસાઈ** નવેમ્બર-૧૧માં લેવાયેલ સી. એ. (ફાઇનલ) પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયા. નાયબ કલેકટર સ્વ. જનાર્દન કે. દેસાઈના પૌત્ર હિતાર્થ સી.એ.ની નેશનલ કોન્ફરન્સમાં પેપર પ્રેઝન્ટેશનમાં પ્રથમ વિજેતા થયેલ.રાજકોટનાં સુધાબેન તથા રસીકભાઈ પોટાના દોહિત્ર હિતાર્થ નાટય અભિનય તથા ક્રિકેટમાં અગ્રેસર રહયા છે. હિતાર્થના માતા માલિની મયુર દેસાઈ રાજકોટની મહિલા કોલેજમાં વ્યાખ્યાતા તથા એનસીસી ઓફિસર હતાં. ઝળહળતી ફતેહ બદલ અભિનંદન.



(૩) આદિપુર સ્થિત **કુ. ફાલ્ગુની સુનીલકુમાર સ્વાદિયા** નવેમ્બર-૧૧માં લેવાયેલ સી. એ. (ફાઇનલ) પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયાં. અત્રે ઉલ્લેખનીય છે કે કોઈપણ ટયુશન કલાસ વગર પ્રથમ પ્રયાસે ૬૫% મેળવી સમગ્ર ભારતમાં ટોપ-૫૦માં ૩૨મું સ્થાન હાંસલ કરી તેણીએ સ્વર્ગસ્થ પિતાની અંતિમ ઈચ્છાને કૌટુંબિક કપરા સંજોગોમાં પરિપૂર્ણ કરીને ગૌરવ બક્ષ્યું છે.

માતા જાગૃતિબેનનો પુત્રીઓને કોઈપણ ભોગે અભ્યાસ કરાવવાનો દ્રઢ નિર્ધાર તથા બેન ફાલ્ગુનીના કઠોર પરિશ્રમના ફલસ્વરૂપે મેળવેલ સુફળ સૌને માટે પ્રેરક છે.અભિનંદન સાથે ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા.

# શ્રી અશોક ધોળકિયા રેલ્વેમાંથી સેવાનિવૃત થયા

ભાવનગરના શ્રી અશોક દિલસુખરાય ધોળકિયા રેલ્વેમાં સુદીર્ઘ ફરજ બજાવી તા. ૧૦-૧૧-૨૦૧૧ ના રોજ સેવા નિવૃત થયા. વ્યકિત વયમર્યાદાને કારણે નોકરીમાંથી નિવૃત થાય તે એક સહજ બાબત છે, પરંતુ અશોકભાઈ માટે વિશેષ નોંધ લેવી પડે તેમ છે કારણ તેઓ નાની વયે પોલિયોની બિમારીના ભોગ બન્યા. એક હાથ અને પગમાં પોલિયોની અસર છતાં મકકમ મનોબળ અને દ્રઢ નિશ્ચયથી આ બિમારીને જીવન ઉપર હામી ન થવા દઈ ૧૯૭૫માં સૌરાષ્ટ્ર યુની.માંથી બી કોમની અને ૧૯૭૭ માં વર્ધા યુનિવર્સિટીમાંથી "રત્ન"ની પદવી ભાવનગર કેન્દ્રમાં પ્રથમ સ્થાને મેળવી એવોર્ડ પણ મેળવ્યો. ૧૯૭૭ થી ૮૨ સુધી ભાવનગર ખાતે રેલ્વેની નોકરી કરી .દરમિયાન મુંબઈ સ્થિત સિંધિયા નેવીગેશન કંપનીમાં જોડાયા. ૧૯૮૨થી ૮૮ સુધી નોકરી કરી. સંજોગવશાત સિંધિયા બંધ થતા ભાવનગરમાં રેલ્વે માં પુનઃ નિયુકિત મળી ગઈ. ૧૯૮૮ થી ૩૦-૧૧-૨૦૧૧ સુધી ૨૩ વર્ષની નોકરી પૂર્ણ કરી. ૧૩ વર્ષ રેલ્વેમાં રાજ્યભાષા વિભાગમાં હિન્દી અનુવાદક તરીકે ફરજ બજાવી.

આ દરમિયાન ૧૯૮૩માં જામનગરના શ્રી રમાકાન્ત પ્રતાપરાય અંતાણીના પુત્રી રેખાબેન સાથે લગ્ન થયા. તેઓને પણ સમાજસેવાની ધગશ હતી તેથી બંન્ને રોટરી કલબમાં જોડાયાં. વર્ષ ૨૦૦૫/૦૬માં અશોકભાઈ પ્રેસીડન્ટના હોદ્દા ઉપર પણ વરાયા. બંન્નેના કુટુંબવત્સલ સ્વભાવને કારણે તા. ૧૦ થી ૧૨/૧૧/૧૧ સુધી સમગ્ર પરિવારને એકત્રિત કરી કુટુંબમેળાનું આયોજન કર્યું. જેમાં ઓરકેસ્ટ્રા સાથે ગીત સંગીતનો કાર્યક્રમ, લઘુરુદ્ર, તથા ભોજન સમારંભના કાર્યક્રમો થયા. મુંબઈ, અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર અને ભુજના સગા સ્નેહીજનો આ અવસરમાં સામેલ થઈ ધોળકિયા દંપતિને સુખમય જીવનની શુભકામના પાઠવી હતી.

**જેને મોક્ષની ઈચ્છા છે તેને સત્સંગમાં કોઈ જ પ્રશ્ન હોય જ નહીં.**

# ડૉ. નીરજ ભૂપેન્દ્ર વસાવડા – નિષ્ણાત સ્પાઈન સર્જન



ડો. નીરજ વસાવડા છેલ્લા ત્રણ વર્ષથી રાજકોટની વોકહાર્ટ હોસ્પિટલમાં નિષ્ણાત સ્પાઇન સર્જન (મણકાના સર્જન) તરીકે સેવા આપી રહયા છે. દક્ષિણ કોરીયા, જર્મની, હોંગકોંગ તથા અમેરીકા માં અત્યાધુનિક સ્પાઈન સર્જરીની તાલિમ લઈ ચેન્નાઈની એપોલો હોસ્પિટલ તેમજ MOIT હોસ્પિટલમાં સ્પાઇન સર્જરીનો સફળ બહોળો અનુભવ મેળવી રાજકોટ આવેલા ડો. નીરજ વસાવડા સૌરાષ્ટ્રના એકમાત્ર સ્પાઇન સર્જન તરીકે કાર્યરત છે.

તેઓએ અત્યાર સુધીના તેમના કાર્યકાળ દરમ્યાન ૧૦૦૦થી વધુ સફળતાપૂર્વક સ્પાઇન સર્જરી કરી છે. સર્જરી પછી માત્ર ત્રણથી ચાર કલાકમાં દર્દીઓ ચાલતા કરે તેવી આધુનિક સ્પાઇન સર્જરીના પ્રણેતા છે. મણકાની તકલીફથી પીડાતા ઘણા જ્ઞાતિજનોને તેઓની સારવાર અને સર્જરીથી અપ્રતિમ રાહત અને દર્દમાંથી મુકિત મળેલ છે. જેમાં ૮૦ વર્ષથી ઉપરની વયનો પણ સમાવેશ છે. ડો. નીરજ વસાવડા સૌરાષ્ટ્ર ઉપરાંત નાસીક અને ગોવાની વોકહાર્ટ હોસ્પિટલમાં વીઝીટીંગ સ્પાઇન સર્જન તરીકે સેવાઓ આપે છે. વિદેશમાં વસતા ગુજરાતી દર્દીઓ તેમજ વિદેશી મૂળના દર્દીઓ પણ તેમની સારવાર લેવા આવે છે. તેઓ દુબઈ ખાતે પણ જટીલ સ્પાઇન સર્જરી સફળતાપૂર્વક કરે છે. તેઓની Ultra Modern Training અને સર્જીકલ નિપૂણતાને કારણે Endoscopic અને Microscopic Spine Surgeryનો સૌરાષ્ટ્રમાં પાયો નાખેલ છે. પોતાની આ નિપૂણતાને વધુ વિકસાવવા ગહન તાલિમાર્થે તેઓ તાજેતરમાં જ તા. ૧૪/૨/૧૨થી તા. ૨૨/૨/૧૨ સુધી અમેરીકા જઈ આવ્યા.

ડો. નીરજ વસાવડાને અમદાવાદની જાણીતી કોર્પોરેટ હોસ્પિટલો દ્વારા સેવા આપવા આમંત્રણ મળવા છતાં તેઓએ પોતાના જન્મસ્થળ રાજકોટને કાર્યક્ષેત્ર તરીકે પસંદ કરેલ છે.

જ્ઞાતિબંધુઓ તેમનો સંપર્ક મો. ૯૮૭૯૫૪૯૪૮૦ પર કરી શકે છે. ***

# ચિ. ત્વિષા અવાશીયા ખેલકૂદમાં અગ્ર



એસ્સાર કંપનીમાં ચીફ સેક્રેટરી ઓફ ડાયરેકટરના ઉચ્ચ હોદા ઉપર કાર્યરત શ્રી હસિતભાઈ અવાશીયા અને શ્રીમતી લહેરીબેન અવાશીયા (જૂનાગઢના બરછી પ્રતિનિધી શ્રી વિમલભાઈ વોરાનાં પુત્રી)નાં પુત્રી ચિ. ત્વિષાએ ૧૧ વર્ષની નાની વયે જામનગર જીલ્લાની યોજાયેલ મહાકુંભ સ્પર્ધા અંતર્ગત સ્વીમીંગની ત્રણ ઈવેન્ટ બટર ફલાય, ફ્રી સ્ટાઇલ અને રીલેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. ઉપરાંત કરાટેમાં બ્લેકબેલ્ટ થવાથી જામનગર ખાતે એસ.પી. શ્રી સુભાષ ત્રિવેદીના હસ્તે એવોર્ડ એનાયત થયો. આ ઉપરાંત દિલ્હી ખાતે આઈઆઈટી દ્વારા લેવાયેલ ક્રિએટીવીટી ઓલમ્પિયાડમાં પસંદગી પામી સત્ય સાંઈ સ્કૂલ તરફથી દિલ્હી જઈ આવ્યાં. તાજેતરમાં ત્રિમૂર્તિ બ્રેઇન એકેડેમી તરફથી યોજવામાં આવેલ જામનગર જીલ્લાની દરેક સ્કૂલની ધો. ૬ની મેથ્સ કોમ્પીટીશનમાં પ્રથમ વિજેતા બની શીલ્ડ પ્રાપ્ત કર્યો અને આ સંસ્થા સંચાલિત મેથ્સના ૩ વર્ષના અભ્યાસક્રમમાં ગ્રેજ્યુએશન અવોર્ડ સાથે ચંદ્રક અને સર્ટિફીકેટ મેળવ્યાં. બહુમુખી બાલ પ્રતભિાને શાબાશી !

નરસૈંયાનું પ્રભાત ગાઈએ એટલે ગમે તેવો ક્લેશ શાંત થઈ જાય.

## પૂજા નાણાવટી યુનિવર્સિટીમાં ચોથાં સ્થાને



જૂનાગઢનાં પૂજા પંકજભાઈ નાણાવટીએ માર્ચ-૧૧માં પીજીડીસીએ.ના બીજાં સેમેસ્ટરમાં ૭૯.૨૫% સાથે ઉત્તીર્ણ થઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટોપ ટેનમાં ચોથું તથા કે. એમ. પટેલ કોલેજ ઓફ ટેકનોલોજીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કુટુંબને ગૌરવ બક્ષ્યું છે. આ બદલ તેણીનું પટેલ કેળવણી મંડળ દ્વારા કુલપતિના હસ્તે શિલ્ડ તથા સર્ટિફીકેટ આપી સન્માન કરવામાં આવ્યું.

## શ્રીમતી કિન્નરીબેન માંકડનું અભિવાદન



વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન સમગ્ર ગુજરાતમાં 'વાંચે ગુજરાત'ની ભભકાભેર ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત વડોદરા નિવાસી શ્રીમતી કિન્નરીબેન જયેશભાઈ માંકડે સુરત જીલ્લાના (ગ્રામીણ) મંત્રી તરીકે કાર્યરત રહી ત્યાંની અનેક શાળાઓ તથા સંસ્થાઓની રૂબરૂ મુલકાત લઈ વાંચનની જાગૃકતા કેળવવા તેઓએ આપેલ ઉત્કૃષ્ટ યોગદાન આપવા તા. ૪/૧ના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ ભવ્ય સમારંભમાં મુખ્યમંત્રી તથા શિક્ષણ મંત્રીના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. ઉપરાંત સર્ટિફીકેટ તથા પુસ્તક પણ એનાયત કરવામાં આવ્યાં. કિન્નરીબેન અમદાવાદ નિવાસી શ્રી રાજેન્દ્રભાઈ માંકડના પુત્રવધૂ થાય. અભિનંદન.

## સહઅભ્યાસી ઝાલા દંપતી



બેંગલોર ખાતે હનીવેલ કંપનીમાં સિનિયર એન્જીનીયર તરીકે કાર્યરત ભાવિક ઝાલા (રાજકોટના દામિની ઝાલા તથા સનતકુમાર ઝાલાના પુત્ર)એ પૂનાની સિમ્બાયોસીસ યુનિવર્સિટીમાંથી એમ.બી.એ. (એચ.આર.)ની પદવી પ્રથમ વર્ગ સાથે મેળવી, જ્યારે તેમનાં પત્ની શ્રીમતી જીન્ના ભાવિક ઝાલા (ગાંધીનગર સ્થિત પલ્લવીબેન તથા જયેન્દ્રભાઈ માંકડનાં પુત્રી)એ ગુજરાત યુનિ.માંથી 'ટ્રાન્સલેશન' વિષયમાં એમ.ફીલ.ની પદવી પ્રથમ વર્ગ સાથે મેળવી.

સહઅભ્યાસી દંપતીને અભિનંદન.

## કુ. ઈશા વસાવડાની કલાની કદર

ભારત ચૂંટણી પંચ દ્વારા 'યુવા મતદારો માટેનું પર્વ-૨૦૧૨' અંતર્ગત ગુજરાતના દરેક જીલ્લા માટે યોજવામાં આવેલ 'પોસ્ટર તથા જીંગલ સ્પર્ધા'માં ભાવનગર જીલ્લામાં 'પોસ્ટર મેકીંગ' સ્પર્ધામાં પેઈન્ટીંગમાં ડીપ્લોમા ધરાવતાં કુ. ઈશા ભવજીતભાઈ વસાવડા(મુ. રસીલાબેન કપિલરાય વસાવડા નાં પૌત્રી) એ પ્રથમ સ્થાન મેળવી રૂા. ૧૫ હજારનો પુરસ્કાર મેળવ્યો. આ અગાઉ તા. ભાવનગર ખાતે તા. ૩/૧૨ના રોજ મુખ્યમંત્રીશ્રી દ્વારા સદભાવના ઉપવાસ કાર્યક્રમ સંદર્ભે પસંદ કરવામાં આવેલ પાંચ શ્રેષ્ઠ ચિત્રોમાં પણ કુ. ઈશાએ પ્રથમ શ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદગી પામી મુખ્યમંત્રીના વરદ હસ્તે સર્ટિફીકેટ તેમજ મોમેન્ટો પ્રાપ્ત કરેલ.

અભિનંદન...બેન ઈશાની કલાને તો બીરદાવવી ઘટે જ !

**<u>તેજસ્વી પ્રતિભા :</u>**



રાજકોટના ઝલક જ્યોતિન વસાવડાના પુત્ર વ્યોમ વસાવડાએ ફેબ્રુઆરીમાં ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલ પ્રખરતા શોધ કસોટી સામાન્ય જ્ઞાનમાં કેન્દ્ર કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી સરકારશ્રી તરફથી પુરસ્કાર મેળવ્યો.તેમજ તાજેતરમાં ભાવનગરના વિકાસ વર્તુળ દ્વારા લેવાયેલ ધો. ૯ અંગ્રેજી માધ્યમ સામાન્ય જ્ઞાન-બુદ્ધિ કસોટી (જીકે-આઇક્યુ)માં રાજકોટ કેન્દ્રમાં પ્રથમ અને રાજ્યમાં અઢારમું સ્થાન પ્રાપ્ત કર્યું. અભિનંદન.

લોભ અને કામથી ઘણા પ્રશ્નો ઉભા થાય છે.

# સેવાનું અર્ધવિરામ – ઋણાનુબંધન

Life is all about meeting right people at a right place.

આજથી આશરે પોણા બે દાયકા પહેલાં ઘડીયાળના ટકોરે યંત્રવત ચાલતી મહાનગરી મુંબઈને જ્યારે કર્મભૂમિ બનાવી ત્યારે પ્રશ્નાર્થ હતો કે વ્યવસાય ઉપરાંત વિવિધરંગી પ્રવૃત્તિઓનો ક્રમ ચાલુ રહી શકશે ? પરંતુ Success will never lower its standard to accomodate, we have to rise our standard to achieve it...અને એટલે જ ઈન્ડીયન મરચન્ટ ચેમ્બર્સ, બોમ્બે ચેમ્બર્સ ઓફ કોમર્સ, બોમ્બે મેનેજમેન્ટ એસોસીએશન જેવી અગ્રીમ વ્યવસાયી સંસ્થાઓ ઉપરાંત આપણી જ્ઞાતિની માતૃસંસ્થા સમાન શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ સાથે જોડાવાની તક સાંપડી. જ્ઞાતિ સંસ્થાઓ સાથે રહી સેવા કરવાની તક તો નાની વયથી જ મળી હતી, પરંતુ આ નવ દાયકા જુની માતબર સંસ્થાની વિકાસ ક્ષમતા કાંઈક વિશેષ છે, તેથી જનસંપર્ક અધિકારી, માનદમંત્રી, ઉપપ્રમુખ જેવા જુદા જુદા હોદાઓ પર હોદાની મર્યાદામાં રહીને પણ કાર્યક્ષેત્રની ક્ષિતિજો વિકસાવવાના અને સંસ્થાની કાયાપલટના કરેલા યત્કિંચિત પ્રયત્નોને જે અભૂતપૂર્વ સહકાર, અનુદાન, પ્રોત્સાહનનો સાગર આપ સર્વ જ્ઞાતિજનો, પરિવારો, દાતાઓ, સભાસદો, કલાકારો તરફથી સંસ્થાને અને 'કાર્યકરોની ટીમ'ને સાંપડયા છે તે શબ્દાતીત છે.

૨૦૦૬થી ૨૦૧૧ સુધી સતત બે ટર્મ માટે બંને વાર્ષિક સામાન્ય સભાઓમાં સર્વાનુમતે મને શ્રી વડનગરા નાગર મંડળનાં પ્રમુખ તરીકેની જવાબદારી સોંપી તે સભાસદનો અખૂટ વિશ્વાસ, અપાર જ્ઞાતિપ્રેમ મારા જીવનની અમૂલ્ય મૂડી છે. અન્ય કોઈપણ સંસ્થા સાથેની મારી કારકિર્દી કરતાં સવિશેષ છે કારણ ઘરઆંગણે મળેલો સ્નેહાવકાર છે. બહોળા જ્ઞાતિપરિવારો સાથેનું ઋણાનુબંધ છે. ભંડોળવૃધ્ધિની એક અપીલ અનુદાની સરવાણી કરે, કાર્યક્રમોની જાહેરાતનો પરિપત્ર સભાગૃહને જ્ઞાતિજનોથી છલકાવી દે તેવા ઉત્સાહે અને અનેક વિદ્યાર્થીઓ, તબીબી સારવાર લેતા અનેક જ્ઞાતિજનોના અંતરના આશિર્વાદે હોદાની જવાબદારીનો ભાર ઉપાડી લીધો હતો..! પરંતુ વિકાસ હોય ત્યાં વિવાદ હોય...( આ વિવાદ વ્યકિતગત અહંના કિચડથી ખરડાય નહીં તે મહત્વનું છે..)"Action may not always bring happiness but there is no happiness without action." ફરજોની સભાનતા સાથે યોગ્ય સમયે લેવાયેલા યોગ્ય નિર્ણયથી મને સંતોષ છે છતાં સંસ્થાની જવાબદાર વ્યકિત તરીકે વિકાસને લાંબાગાળાની સુદ્રઢતા આપવાનાં યથાશકિત પ્રયાસોમાં કયારેક સ્વચ્છ, નીડર, મકકમ વહીવટીય નિર્ણયોની આવશ્યકતા સામે કદાચ દરેકને પ્રસન્ન રાખવાનું મુશ્કેલ બન્યું હોય તે સ્વાભાવિક છે તો મને આ તકે ક્ષમા કરશોજી.ગત વાર્ષિક સામાન્ય સભામાં પણ પ્રમુખ તરીકેનો કાર્યભાર ચાલુ રાખવા ફરીથી મૂકાયેલ પ્રસ્તાવ પણ સર્વનો મારા પ્રત્યેના પ્રેમ અને વિશ્વાસનું પ્રતીક છે પરંતુ મહત્વાકાંક્ષી, પદોત્સાહી જ્ઞાતિ કાર્યકરોના જૂથને સેવાનો અવકાશ મળી રહે તે હેતુથી મારી સક્રીય સેવાઓને વિરામ આપ્યો છે. હેનરી ફ્રેડ્રીકે ખરૂં જ કહયું છે..Learn to be what you are and learn to resign with a good grace all that you are not." આમ છતાં મને કોઈપણ શહેરના જ્ઞાતિજન, પરિવાર કે સંસ્થાને કયારેય પણ મારી સેવાઓ આપવાની તક મળશે તો તે મારૂં સદ્‌ભાગ્ય સમજીશ.મારા કાર્યકાળ દરમ્યાન વિવિધ જ્ઞાતિસંસ્થાઓ દ્વારા સન્માન અને વિશેષ આવકાર સાથે મારી સેવાઓની કદર કરવા બદલ હું સંસ્થાઓ અને તેના હોદેદારોની ઋણી છું. મારી આ એક દાયકાની જ્ઞાતિ સેવા જ્ઞાતિને અર્પણ કરૂં છું અને વિનંતી કરૂં છું કે શ્રી મંડળના કાર્યને આપ સૌનો સવિશેષ સહકાર આપી હવે પછીના કાર્યકરોને સફળ બનાવશો કારણ તેમાં જ મારી સંચાલક તરીકેની–નેતૃત્વની–સાચી સફળતા છે...'સુજ્ઞેષુ કીં બહુના ?' અને છેલ્લે 'બેફામની આ પંકિત સાથે આપ સૌના આશિર્વાદ યાચું છું...

'હર એક કા દાવા હૈ કી હમ કુછ હૈ,
હમેં નાઝ હૈ કી હમ કુછ નહિં હૈ...'

**Immediate Past President Shri V.N.Mandal Mumbai – વિશાખા મૌલેશ પોટાનાં સાદર વંદન**

લોકો ઉપકારોનું સ્મરણ કરતાં શીખે તો ખરાબ પણ સારૂં લાગવા લાગશે.

## શ્રી જૂનાગઢ વડનગરા નાગરી પરિવાર

જૂનાગઢની આ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા પ્રમુખશ્રી મેધાવિનભાઈ બુચના અધ્યક્ષસ્થાને મળી ગઈ. વિશાળ સંખ્યાની હાજરીમાં પ્રાર્થના અને દિવંગતોને મૌન શ્રધ્ધાંજલિ બાદ બેઠકનો પ્રારંભ કરવામાં આવેલ. વર્ષ દરમ્યાન ૧૦ જેટલા વિવિધ કાર્યક્રમોની વિગત અપાયા બાદ કોષાધ્યક્ષ શ્રી પ્રહલાદભાઈ ત્રિપાઠી દ્વારા ઉપજ ખર્ચનો વિગતવાર હિસાબ રજૂ થતાં બહાલ રાખવામાં આવ્યો.સંસ્થાના કાર્યો માટે મળેલ ખુશી ભેટની યાદી સૌને આપવામાં આવ્યા બાદ નવા વર્ષના પ્રોજેક્ટની રૂપરેખા આપવામાં આવી. બેઠકનું સફળ સંચાલન સંસ્થાના મંત્રી અને બરછી પ્રતિનિધિ શ્રી નીરજભાઈ વૈશ્નવે કર્યું હતું. બેઠકના પ્રારંભ પૂર્વે ચા-અલ્પાહાર તથા બપોરના મિષ્ઠ ભોજન બાદ સંગીતની રસલ્હાણના અંતે સાંજે સૌ વિખરાયાં હતાં.

સંસ્થાના ઉપક્રમે બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ સાથે મળી શરદોત્સવ દૂધપૌવા અને ગરમા ગરમ બટેટાવડા સાથે ઉજવ્યો...તો નૂતન વર્ષ સ્નેહમિલન બાળકોને ફટાકડા આપી ફોડાવી દીવાળીના વાતાવરણ વચ્ચે નવતર રીતે ઉજવવામાં આવેલ. અંતમાં ભોજન પણ ખરૂં જ.

## હાટકેશ સિનિયર સિટીઝન્સ કલબ, ભુજ

તાજેતરમાં આ સંસ્થાની નવા વર્ષ મિલન તથા નવી કારોબારીની રચના માટે મીટીંગ મળી ગઈ. મંત્રી શ્રી હરિભાઈ અંતાણીએ ગત વર્ષની પ્રવૃત્તિઓની ઝલક આપી હતી તો શ્રી પરિમલભાઈ ધોળકિયાએ શુભેચ્છા પાઠવી પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. હવે પછી ૫૮ વર્ષ પછી સભ્ય થઈ શકાશે તેવી માહિતી આપી હતી. સન ૧૧-૧૩ માટે નવી કારોબારી માટે દરખાસ્તો માંગવામાં આવેલ જે ન આવતાં સર્વાનુમતે ચાલુ વર્ષની કારોબારી ચાલુ રાખવા નકકી કરવામાં આવ્યું. જે મુજબ શ્રી પરિમલભાઈ ધોળકિયા-પ્રમુખ, ધૈર્યનિષ્ઠાબેન ધોળકિયા-ઉપપ્રમુખ, શ્રી હરિભાઈ અંતાણી-મંત્રી, પૂર્ણિમાબેન પાઠક-સહમંત્રી તથા શ્રી ગીરીશભાઈ વૈશ્નવ-ખજાનચી તરીકે વરાઇ આવ્યા. આ ઉપરાંત પાંચ સલાહકાર સભ્યો પણ ચાલુ રહયા.સભાનું સંચાલન શ્રી હરિભાઈ અંતાપી તથા શિશિરભાઈ વોરાએ કર્યું હતું. અંતમાં કચ્છી ભોજન લઈ સૌ છૂટા પડેલ.

## અનંતના યાત્રીઓ :

- અમદાવાદના ગૌરાંગ સુરેન્દ્રભાઈ માંકડનું બ્રેઇન હેમરેજને કારણે નિધન થયું જે પૂર્વે બ્રેઈન ડેડ થઈ જતાં તેમની કીડની, લીવર તથા ચક્ષુનું ત્રણ જરૂરીયાતમંદોને દાન કરતાં ત્રણ પરિવારને નવજીવન મળ્યું અને પ્રકાશ ફેલાયો. મહાદાન બદલ તેમને અને પરિવારની માનવતાને સલામ.આવા આત્માઓને શાંતિ જ હોય !
- આણંદ નિવાસી જગદીશભાઈ મ. નાણાવટીનાં મિલનસાર પત્ની સૌ. સૂચિતાબેનનું ગત માસમાં અવસાન થયું. તેઓએ સમય સંજોગો સામે ઝઝૂમી પ્રજ્ઞાચક્ષુ પુત્રીની દેખભાળ સાથે કૌટુંબિક જવાબદારીઓ હસતા મોઢે નિભાવી. - સૌ. વંદનાબેન ગીરીશભાઈ બુચ- ૭૧ વર્ષ - મુંબઈ ખાતે. પ્રશાન્ત હેમંતકુમાર વછરાજાણી- ૩૬ વર્ષ- ગોંડલ - નિચીબેન સરોજભાઈ શુકલ-૬૮ વર્ષ- ભુજ. નયનાબેન માંકડ-૬૮ વર્ષ- ભુજ. માલવિકા બેન અમ્બરીશભાઈ હાથી -૭૯ વર્ષ- ભુજ - રમેશચંદ્ર હિંમતલાલ અંતાણી -૭૪ વર્ષ- ગં. સ્વ. ગુણવંતીબેન બી. અંતાણી ૮૨ વર્ષ- ભુજ - રીપુલકાંત દિનકરરાય દેસાઈનું ૭૫ વર્ષ-ભાવનગર. પ્રમિલાબેન (દેવીબેન) હરીહરભાઈ ધોળકિયા - ૯૨ વર્ષ- રાજકોટ. કિરીટકુમાર ધનવંતરાય મહેતા - વડોદરા. ડો. ચંદ્રકાન્તભાઈ ઈશ્વરલાલ ઝાલા - ૮૧ વર્ષ - અમદાવાદ. હસુબેન રસિકલાલ બુચ - રાજકોટ. શ્રીમતી દેવ્યાનીબેન જનાર્દનભાઈ છાયા - ૭૨ વર્ષ - જૂનાગઢ. કલ્પનાબેન રમાકાન્તભાઈ મંકોડી - ૭૮ વર્ષ - જામખંભાળીયા. -પરેશભાઈ કૌશિકરાય માંકડ - ૬૪ વર્ષ - અમદાવાદ. - કલગીબેન પરેશભાઈ મહેતા-૫૫ વર્ષ-ભાવનગર. ગં. સ્વ. તિલોત્તમાબેન(રશ્મીબેન) ઉષાકાંત હાથીનું જોધપુર (રાજસ્થાન) ખાતે અવસાન.

અહં જેટલો ઓછો તેટલી શાંતિ વધુ

# ❊ ❊ ❊ સમાચાર સંચય ❊ ❊ ❊

**અમદાવાદ :** અત્રેના દિલ્હી ખાતે લેન્ડસ્કેપ કંપનીમાં આર્કીટેક્ટ તરીકે ફરજ બજાવતા હર્ષ સુનીલભાઈ અંજારીયા (એમ.આર્ચ.) કંપનીના પ્રોજેક્ટ અર્થે પસંદગી પામી બેંગકોક ગયા.

❊ અત્રેના મલ્હાર સુનીલભાઈ અંજારીયા GATEમાં ૯૮% સાથે ઉત્તીર્ણ થઈ એનજેટી મેંગલોર ખાતે એમ.ટેક. રીસર્ચ માટે પસંદગી પામ્યા.

❊ અત્રે 'ઈસરો'માં કોમ્પ્યુટર એન્જીનીયર તરીકે કાર્યરત દેવાંગ મહેશભાઈ માંકડને તા. ૨ જાન્યુઆરીના રોજ હરીકોટા ખાતે યોજાયેલ વિશેષ સમારંભમાં 'યંગ સાયન્ટીસ્ટ મેરીટ એવોર્ડ'થી નવાજવામાં આવ્યા.

❊ હૈદ્રાબાદ ખાતે ડી.એ.વી.ના ધો. ૬માં અભ્યાસ કરતા અત્રેના ચિ. ચિતવન પ્રેમલ સ્વાદિયાને અભ્યાસની અવલતા ઉપરાંત ઈતરપ્રવૃત્તિઓમાં અગ્ર રહેવા બદલ આંધ્ર પ્રદેશના રેવન્યુ મિનીસ્ટરના હસ્તે 'બેસ્ટ સ્ટુડન્ટ'નો એવોર્ડ આપવામાં આવ્યો.

❊ હિતાર્થ અક્ષય અંજારીયા એચડીએફસી. બેંકની સારંગપુર શાખામાં મેનેજર તરીકે નિમાયા.

❊ દિપકભાઈ અને મંજરીબેન બુચ દ્વારા ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી એવી ગણિતના મૂળભૂત સિધ્ધાંતોને આવરી લેતી પુસ્તિકા 'એ સીકસર ટુ મેથ્સ' પ્રકાશિત કરવામાં આવી છે. આ નિઃશુલ્ક પુસ્તિકા મેળવવા તેઓનો સી-૪૩ સચિન ટાવર્સ, સેટેલાઈટ, અમદાવાદ-૧૫નો સંપર્ક કરવો. બહારગામ ના વિદ્યાર્થીઓએ બુકપોસ્ટના રૂા. ૫ મોકલવાના રહેશે.

❊ શ્રીમતી હરસિદ્ધી અવાશીયા અને શ્રી કિરાત અવાશીયા ટીવી-૯માં તા. ૯/૧૨ના રોજ કેમ છો ? શિક્ષક અંતર્ગત ન્યુ યોગા ટેકનીકનું જીવંત નિદર્શન આપી તેની સમજૂતી આપેલ.

❊ અત્રેના મોટેરાં સ્ટેડીયમ ખાતે નાગર ક્રિકેટ કલબ તરફથી આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૮ થી ૧૦ ટીમના ૧૪૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં પોરબંદરના વેસ્ટર્ન રેલ્વેમાં ફરજ બજાવતા રાકેશ દેવીભાઈ નાણાવટી (ઉ. ૪૫)એ એક ઓવરમાં ૪ વીકેટ ઝડપી રેકોર્ડબ્રેક કર્યો અને મેન ઓફ ધી મેચ જાહેર થઈ બે કપ તથા બે શીલ્ડ એનાયત થયા.

**આણંદ :** લાયન્સ હોલ ખાતે નાગર મંડળના ઉપક્રમે તા. ૩૧ ડીસેમ્બરના રોજ બાળકો તથા આબાલવૃધ્ધો સમેત સૌ માટે યોજાયેલ સંગીત, અતાક્ષરીનો કાર્યક્રમમાં સહુએ હર્ષભેર ભાગ લીધો હતો. સાંસ્કૃતિક મંત્રી શ્રી નિકુંજ ભટ્ટની રાહબરીમાં કારોબારી સભ્યોએ આ માટે જહેમત ઉઠાવી હતી. અંતમાં સમૂહ ભોજનનો આનંદ માણેલ.

**વડોદરા :** હીના અનીલ વોરાના પુત્ર રીષી બેંગલોર ખાતે એરીકસન ગ્લોબલમાં સિનીયર એન્જીનીયર તરીકે નિમાયા તથા તાજેતરમાં લેબેનોન ખાતે પ્રોજેક્ટની તાલિમ માટે જઈ આવ્યા.

❊ મુકુલભાઈ એન. મહેતાના પુત્ર હાર્દિક ફિલ્મ 'લૂંટેરા' (રણબીરસિંઘ, સોનાક્ષીસિંહા) ના ડાયરેકટર વિક્રમ મોટવાણી સાથે આસી. ડાયરેકટર તરીકે જોડાયા.

❊ શ્રીમતી આકાંક્ષા હાર્દિક મહેતા બીબીસી. ચેનલમાં પ્રોગ્રામર તરીકે મુંબઈ ખાતે જોડાયાં.

❊ નિર્મિત્ત મુકુલભાઈ મેહતા ટાટા પાવર મુન્દ્રા ખાતે એકઝીકયુટીવ તરીકે જોડાયા.

❊ શ્રીમતી નિશા ઉદયભાઈ વછરાજાનીની વાર્તા 'દિવાલ વિનાનું મકાન' આકાશવાણી વડોદરા કેન્દ્ર પરથી પ્રસારીત થઈ.

અહંકારી માણસ ભેગો મળીને કામ કરી શકતો નથી.

❋ લાયન્સ કલબ ઈન્ટરનેશનલ તરફથી અત્રેના સિનિયર સીટીઝન્સ માટે જે તે વ્યકિતની સંપૂર્ણ વીગત સાથેનું મેડીકલ કાર્ડ કાઢી આપવામાં આવ્યાં. જેમાં દરેક તપાસ નિદાન ઉપર રાહત દર રાખવામાં આવેલ છે. આ કાર્ડ સાથે માહિતીપ્રદ પુસ્તિકા પણ ભેટ આપવામાં આવી. આ કાર્યમાં ડો. રાજેન્દ્ર હાથીના યોગદાન બદલ હાથી દંપતીનું ડીસ્ટ્રીકટ ગવર્નરના હસ્તે બહુમાન કરવામાં આવ્યું.

**મુંબઈ :** અત્રેના અભિષેક રસેન્દુભાઈ વૈશ્નવ સી. એ. (ફાઇનલ)માં ઉત્તીર્ણ થયા.

**જૂનાગઢ :** અત્રેના આયુષ અજય વૈશ્નવ, શ્રેયાંક પૂર્ણિત ઘોડા, અચલ સંજીવ મહેતા, દિક્ષાર્થ નયન વસાવડા તથા દર્પિલ દવેએ 'ખુશ્બૂ ગુજરાતકી' અંતર્ગત જૂનાગઢની ખાપરા કોડીયા અને ઉપરકોટની ગુફાઓમાં તેમજ અમદાવાદ-ઉત્તરગુજરાતમાં પણ મહાનાયક અમિતાભ બચ્ચન સાથે 'બૌધ્ધસાધુ'ના વેશમાં શુટીંગમાં ભાગ લીધો. બીગ-બીએ ગોષ્ટિ કરી

❋ તાજેતરમાં રાજ્યસરકાર દ્વારા મહેસાણા ખાતે આયોજીત વિકલાંગો માટેના રમતોત્સવમાં અત્રેની મંગલમૂર્તિમાં અભ્યાસ કરતા હેમાંગ ઈન્દ્રેશભાઈ આચાર્યએ ૪૦૦ મીટર દોડમાં રાજ્ય કક્ષાએ દ્વિતીય ક્રમ સાથે રજતચંદ્રક મેળવી જ્ઞાતિ અને સંસ્થાનું નામ રોશન કર્યું.અગાઉ પણ તેમણે ખેલકૂદમાં રાજ્યકક્ષાએ પારિતોષીકો મેળવેલ છે. અભિનંદન.

❋ અત્રે સાહિત્ય પરિષદ અને રૂપાયતન સંસ્થાના સંયુકત ઉપક્રમે યોજાઇ ગયેલ ૪૬મી સાહિત્ય પરિષદ દરમ્યાન આયોજિત વિવિધ સ્પર્ધાઓ પૈકી કાવ્યપઠન સ્પર્ધામાં શ્રીમતી જુલી રાજેશ ખારોડે દ્વિતીય જ્યારે 'મને ગમતા પાંચ શેર' સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવ્યું, જ્યારે બાળકોની કાવ્ય સર્જન સર્જન સ્પર્ધામાં કુ. પરિ રાજેશ ખારોડે પ્રથમ સ્થાને આવી પારિતોષીક મેળવ્યું. આમ, માતા પુત્રીની જોડીએ ત્રણ શીલ્ડ તથા સર્ટિફીકેટ મેળવ્યાં.

❋ શ્રી જાગૃતિબેન સી. ખારોડ આઇ. ટી. એજ્યુ. ટ્રસ્ટના ઉપક્રમે તાજેતરમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓને ટેકનોલોજીસભર થ્રીડી ફિલ્મ અને સાયન્સ મ્યુઝીયમની મુલાકાતનું આયોજન કરાયેલ. જ્ઞાન સાથે ગમ્મતસભર આ કાર્યક્રમમાં ૪૮ બાળકો જોડાયાં હતાં. આ આયોજનમાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી સંજીવ મહેતા, પ્રણેતા જાગૃતિબેન ખારોડ, અન્ય ટ્રસ્ટીઓ તથા વાલીઓ પણ જોડાયા હતા.

**પોરબંદર :** અભિજ્ઞ મિલનભાઈ પોટા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત ચેસ ચેમ્પિયનશીપમાં સૌરાષ્ટ્ર ઝોનમાં દ્વિતીય સ્થાને વિજેતા થયા.

❋ શીયાળાની ઠંડીમાં જ્ઞાતિજનોએ સાથે મળી ઓળા રોટલાના સમૂહભોજનનો આનંદ માણ્યો.

❋ અત્રેના બુધ્ધિકુમાર પી. પોટાનું અમેરીકા ખાતે અવસાન.

**ભુજ :** કચ્છ છઠા કાર્નિવલમાં હાટકેશ જાગીરના બેનર તળે જ્ઞાતિના દરેક વયના ૧૭૦ બંધુઓએ જન્મથી અંતિમસંસ્કાર સુધીના સોળ સંસ્કાર દર્શાવતી પ્રતિકૃતિ રજૂ કરી વિદેશીઓ, મુખ્યમંત્રી સમેત સૌની પ્રશંસા મેળવી અને વેલડ્રેસમાં પ્રથમ સ્થાન મેળવી રૂ. ૨૫ હજારનો રોકડ પુરસ્કાર મેળવ્યો.

❋ અત્રેના કવિ અને કટાર લેખક શ્રી ચંન્દ્રવદન ધોળકિયા રચિત કાવ્ય સંગ્રહ 'હલેસાં'નું બહોળી સંખ્યામાં સાહિત્યરસિકોની ઉપસ્થિતિમાં આકાશવાણીના પૂર્વનિયામક શ્રી જયંતિભાઈ જોષીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું.

❋ અમદાવાદના હઠીસીંગ હોલ ખાતે રજૂ કરાયેલ રાગ ઉપર આધારીત ચિત્રો (શિવમત)ની ડોકયુમેન્ટરીનું સ્વરાંકન (કમ્પોઝીશન) નીલ કુશાગ્ર વોરાએ કરેલ.

❋ આર્ષ હેમાંગ શુકલને ઉપનયન સંસ્કાર (જનોઇ) અપાયા.

જો માણસ બીજાનો વિચાર કરે તો અભાવ અને દુઃખ ક્યાંય ન રહે.

**ગાંધીધામ :** રાજકોટનાં વંદનાબેન વિરેન્દ્રભાઈ બુચ તેઓના ૧૯૬૩-૬૪ના વિદ્યાર્થીકાળની પેટલાદ ખાતે શ્રી એન. કે. હાઈસ્કૂલના ધો. ૯ના ભૂતપુર્વ વિદ્યાર્થીઓના યોજાયેલ સ્નેહમિલનમાં ભાગ લેવા જઈ આવ્યાં. ત્યારના વર્ગશિક્ષક વ્હોરાસાહેબનું સન્માન કરી સૌએ હિન્દુ મુસ્લીમ કોમી એકતાનું ઉદાહરણ પુરૂં પાડયું. સૌએ પરસ્પર પરિચય આપ્યો. કાર્યક્રમનું સંચાલન નિવૃત્ત ડીએસપી શ્રી ઉસ્માન ભાઈ વ્હોરા તથા વિરંચી બુચે કર્યું હતું. અંતમાં મિષ્ઠભોજન લઈ ભૂતકાળ વાગોળી સૌ છૂટાં પડેલ.

✽ વિરંચી બુચ દિગ્વીજય સીમેન્ટ કાું.માં જૂનાગઢથી કચ્છ ડેપો ઇન્ચાર્જ તરીકે બઢતી સાથે બદલાયા.

**ભાવનગર :** ઈ ટીવી ગુજરાતી અંતર્ગત ફલેવર્સ ઓફ ગુજરાતમાં શ્રીમતી દીપાલી ધીમંતભાઈ નાણાવટીએ પીઠડો બનાવ્યો.

✽ પ્રજાસત્તાક પર્વની ઉજવણી દરમ્યાન બ્લડબેંક આયોજીત મેગા રકતદાન કેન્દ્રમાં જયેશભાઈ અંતાણીએ ૧૦૭મી વાર અને તેમના યુવાન પુત્ર પ્રતિક અંતાણીએ ચોથી વાર રકતદાન કર્યું.

**રાજકોટ :** અત્રેના અમદાવાદ સ્થિત સંકેત જસમીનભાઈ દેસાઈ અરૂણાચલ સરકારની 'ઈગવર્ન્સ' સમિતિના સભ્યપદે નિમાયા.

✽ આદિત હિમાંશુ વૈદ્ય ICICI બેંક ગાંધીધામ ખાતે પ્રોબેશનરી ઓફીસર તરીકે નિમાયા.

✽ કુ. પ્રેક્ષા હિમાંશુ વૈદ્ય CA-IPCC (1)માં ઉત્તીર્ણ થયાં.

✽ શ્રીમતી રક્ષા હિમાંશુ વૈદ્યએ અ.ભા.ના.પરિષદ આયોજીત વાનગી સ્પર્ધામાં મિષ્ઠાન તથા ફરસાણ વિભાગમાં અનુક્રમે દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવ્યું.

✽ શ્રી હિમાંશુ ઉમાકાન્તભાઈ વૈદ્યનું SBI LIFE માં વિશિષ્ટ કામગીરી બદલ જનરલ મેનેજરના હસ્તે શાલ તથા પ્રશસ્તિપત્ર સાથે સન્માન કરવામાં આવ્યું.

✽ શ્રીમતી મમતા ઢેબરની ૨૦ વર્ષની નિર્ણાયક તરીકેની સેવાને ધ્યાનમાં લઈ તાજેતરમાં 'સપ્તધારા' આયોજીત રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકેની જવાબદારી સોંપવામાં આવી તથા ઈન્ડીયન કલ્ચર સોસાયટીએ તેના વિવિધ કાર્યક્રમોના 'પ્રોજેકટ ઈન્ચાર્જ' તરીકે નિમણુંક કરી.

✽ અત્રેના નિમીત પુષ્પેન્દ્રભાઈ વસાવડા ટાટા મોટર્સ તરફથી વેંચાણ લક્ષ્યાંક પાર કરવાની સિદ્ધિ બદલ થાઈલેન્ડ-બેંગકોકની પ્રોત્સાહન સફરે જઈ આવ્યા.

✽ અત્રેના શ્રી કૌશિકભાઈ પોટા(બરછી પ્રતિનિધી)ને ૭૫ વર્ષ પૂર્ણ થતાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

✽ તા. ૭/૩/૧૨ના રોજ નાગર બોર્ડિંગ ખાતે ધૂળેટી ઉત્સવ નિમિત્તે ગીત સંગીત, નૃત્ય તથા ફીશપોન્ડનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. વધુ માહિતી માટે શ્રી ચેતન છાયાનો સંપર્ક કરવા વિ. છે.

✽ શ્રી હાટકેશ્વર પાટોત્સવ સમિતિ દ્વારા સમૂહ જનોઈનું આયોજન કરવામાં આવનાર છે. રસ ધરાવતા જ્ઞાતિબંધુઓને વધુ માહિતી માટે શ્રી કૌશિકભાઈ પોટા-૨૪૫૯૫૩૦, નૈષધભાઈ ધોળકિયા-૨૪૮૦૭૧૯ કે વિભાકરભાઈ અંજારીયા-૨૫૮૨૧૯૮નો સંપર્ક કરવો.



રાજકોટનાં ચિ. નુપૂર ભાવેશભાઈ નાણાવટી (ધો. ૯)એ ગુજરાતરાજય દ્વારા લેવાયેલ જનરલ નોલેજની પરીક્ષામાં સમગ્ર રાજકોટ કેન્દ્ર માં બીજો ક્રમ તેમજ રાજયમાં ૧૮મા ક્રમાંક સાથે સફળતા મેળવી.

જે વ્યક્તિને લોભ વશ ન કરી શકે તે બીજો રામ બની જાય.

## પ્રભુતામાં પગલાં :

- વડોદરા સ્થિત અંકીત કુમારભાઈ માંકડના લગ્ન વડોદરા સ્થિત અનીતા ધીરેનભાઈ બુચ સાથે.
- રાજકોટ સ્થિત ભૂપેન્દ્રભાઈ હિંમતલાલ ઢેબરના પુત્ર મૌલિકના લગ્ન અમદાવાદ સ્થિત દેવાંશુભાઈ ધ્રુવકુમારભાઈ કચ્છીનાં પુત્રી હિર્ણા સાથે.
- ભુજનાં ઈરા તારક વોરાના લગ્ન સૌમિલ ત્રિલોક શુકલ સાથે.
- અમદાવાદ સ્થિત ડો. પાર્થ દિનેશભાઈ માંકડનાં લગ્ન અંજારના ડો. ગ્રીવા દિનેશભાઈ છાયા સાથે.
- ભુજના સુગમ અનીલભાઈ વોરાના લગ્ન ભુજનાં જીજ્ઞા અતુલભાઈ શુકલ સાથે.
- વડોદરા સ્થિત તપન રશેષભાઈ પટ્ટણીના લગ્ન અમદાવાદના તર્જની કશ્યપભાઈ વછરાજાની સાથે.
- સ્વ. ઉમેશભાઈ તથા હિમાક્ષીબેન ઓઝાનાં પુત્રી ખુશ્બૂના લગ્ન નિખીલભાઈ હરકાંતરાય દેસાઈના પુત્ર રૂચિર સાથે.
- જૂનાગઢના દેવાંગ નવીનચંદ્ર નાણાવટીનાં પુત્રી મેઘાનાં લગ્ન મહેસાણા સ્થિત નિખીલભાઈ ગીરીશચંદ્ર છાયાના પુત્ર કેયૂર સાથે.
- અમદાવાદ સ્થિત પલ્લવીબેન તથા હિમાંશુભાઈ ધોળકિયાના પુત્ર જલ્પનના લગ્ન રાજકોટના ભામિનીબેન તથા મુકેશભાઈ માંકડનાં પુત્રી પ્રતિક્ષા સાથે.
- હેમાદ્રીબેન તથા મૃદુલભાઈ વસાવડાનાં પુત્રી ઝલકનાં લગ્ન અમદાવાદ સ્થિત કાશ્મીરાબેન તથા કમલેશભાઈ વૈશ્નવના પુત્ર અર્પિત સાથે.
- અમદાવાદ સ્થિત પિનાંક નલીનભાઈ ઝાલાના લગ્ન અમદાવાદ સ્થિત પ્રાર્થી હેમેન્દ્રભાઈ વૈશ્નવ (ભગત) સાથે.

## સગપણ સગાઈ :

- રાજકોટના સેજલ મુકેશભાઈ દેસાઈનું સગપણ રાજકોટના જ્વલંત સુજ્ઞેશભાઈ ઢેબર સાથે.
- ભુજનાં વ્યોમા સુધીરભાઈ વોરાનું સગપણ ભુજના મેઘ હરેન્દ્રભાઈ છાયા સાથે.
- ભુજના ગાંધીનગર સ્થિત મમતા મનિષભાઈ વોરાનાં પુત્રી કક્ષાનું સગપણ ભુજનાં રીટા સુનીલભાઈ પાઠકના પુત્ર ચિંતન સાથે.
- જૂનાગઢના મનન ઢેબરનું સગપણ જૂનાગઢના યુતિ ઉદય આચાર્ય સાથે.
- જૂનાગઢનાં ભૂમિ અનીલ અવાશીયાનું સગપણ અમરેલીના ગાંધીનગર સ્થિત હાર્દિક નરેન્દ્રભાઈ વસાવડા સાથે.
- ગાંધીનગર સ્થિત અંશુમનભાઈ અરૂણરાય બુચના પુત્ર કિલ્લોલનું સગપણ જૂનાગઢ સ્થિત કમલ મહજપ્રસાદ બુચનાં પુત્રી પૂજા સાથે.
- ઉનાના કૌશલ બિપીનભાઈ દેસાઈનું સગપણ રાજકોટના મિતલ કિરણભાઈ વૈશ્નવ સાથે.
- ઉનાના વંદિત મુકેશભાઈ દેસાઈનું સગપણ વેરાવળનાં પોયણી સુધીરભાઈ માંકડ સાથે.

કોઈની વાતનું ખંડન કરવાથી એકબીજા વચ્ચે સંઘર્ષ વધે છે.

# શતરૂપા 'ભાભુ' - સુમનબેન ઢેબર

(મુ. સુમનબેન ઢેબરનું ૯૮ વર્ષની વયે તાજેતરમાં દેહાવસાન થયું. તેઓ વિશેનું શ્રીમતી સૌરભબેન વોરાએ લખી મોકલેલ પ્રેરક લેખાંકનને પ્રસિદ્ધિ આપવી ઘટે છે. - તંત્રી)

વાતો તમારી સ્વમુખે સાંભળી લખવી હતી મારે,
હજી તો કંઈક કઈક અનુભવો અને સંસ્મરણો સાંભળી લખવા'તા મારે,
આટલાં તે જલદી કેમ ચાલી નીકળ્યાં તમે? વાતો'તો લખશું તમારી પણ સંભળાવશું કેમ કરીને ?
૧૦૦મો જન્મદિવસ ઉજવવો'તો અમારે,
આ તમારી જીવની તમને સંભળાવી'તી મારે...

નામ સુમનબેન...પરંતુ અમારાં અને સૌના માટે ભાભુ... 'સુમન' નામ પ્રમાણે જ ગુણ, નમણાં, ગોરાં નાગરાણીનું તેજ. વાકચાતુર્ય પણ એવું જ. નાનપણમાં દીકરી હોવાને લીધે માતાપિતાએ શાળાએ ન મોકલ્યાં, પરંતુ ભાઈ શાળામાં જે શીખે તે બધા જ પાઠ ઘરે તેની પાસેથી શીખી તૈયાર કરી લે, આવી ભણવાની ધગશ ! અનન્ય બુદ્ધિપ્રતિભા અને અતિશય વાંચનનો શોખ તેથી ગોવર્ધનરામ ત્રિપાઠી, ર.વ. દેસાઈ જેવા ઘણા લેખકોની સાહિત્યકૃતિઓ વાંચી. આ ઉપરાંત ગાવાનો પણ શોખ તેથી ગરબા, લગ્નગીતોની અનેક સ્પર્ધાઓ જીત્યાં. દરરોજ પૂજામાં પણ શીવમહિમ્ન, શક્રાદયસ્તુતિ, દેવીક્ષમાપન સ્તોત્ર મોઢે બોલે અને વાતાવરણ દીવ્ય બની જાય. વાતોના જબરાં શોખીન.. નાના સાથે નાના બની રહે..બાળકો સાથે આખો દિવસ કવિતા વાર્તાઓ ચાલુ જ હોય. મોટાં માટે સારા માઠા પ્રસંગોના રીત રીવાજોનાં તો encyclopedia ! તેમની હાજરીથી વહુ દિકરીઓ નિશ્ચિંત. પોતાના મૃત્યુ બાદ વિધિવિધાન કેમ કરવાં તે પણ લખાવી દીધેલ. હાથે ભરતગૂંથણ તોરણ બનાવી વડીલોને ભેટ આપે. પતિ નીલકંઠભાઈની એસ.ટી.માં નોકરી તેથી અનેક ગામ ફર્યાં અને વિકસતાં રહયાં અને વિસ્તરતાં રહયાં.

જીંદાદિલ અને જીવંત એવાં કે થોડા સમય પહેલાં 'રેડીયો મીર્ચી' તરફથી યોજાયેલ 'દાદા દાદી' સ્પર્ધામાં પણ લગ્નગીતો, ગરબા જૂના સંસ્મરણો રજૂ કરી ૯૫ વર્ષે આ સ્પર્ધા પણ જીત્યાં.

મારી તેમની સાથેની છેલ્લી મુલાકાત યાદગાર બની રહી...મેં મારાં સાસુ ઉપર લખેલ 'મારાં શતરૂપા સાસુજી' ઉપરનું લખાણ વાંચી સંભળાવ્યું આથી પોતાના જીવન પ્રસંગો કહી સંભળાવ્યા, જાણે કાલે જ બન્યા હોય તેમ ! ધન્ય તેમની યાદશકિત ! પરંતુ ઉપર લખ્યું તેમ તેમના ૧૦૦મો જન્મદિવસ ઉજવી તેના ઉપર લખવાની અને સંભળાવવાની મારી ઈચ્છા અધૂરી રહી તેનો રંજ છે.

આમ દરેક નાની નાની બાબતોમાં રસપૂર્વક ભાગ લઈ, જીવનની દરેક પળને માણી, જીવનને ઉત્સવ બનાવી જીવવું એ 'જીવન જીવવાની કળા.' જીવનના નિરોગી દીર્ઘાયુની જડીબુટ્ટી હતી...જીવન પ્રત્યેનો હકારાત્મક અભિગમ. આવાં શતરૂપા 'ભાભુ'ને સૌના શ્રધ્ધાસુમન.

---

**<u>નોંધ :</u>** કેટલાક વાસ્તુપૂજનના સમાચારો મળતાં જ્ઞાતિજનોને જણાવવાનું કે અગાઉ ટાંચી આવકમાંથી એક મકાન માંડ થતું કે જ્ઞાતિ 'લોનકૃપા'માં માનતી નહી તેવા સમયથી વાસ્તુપૂજનના સમાચાર પ્રસિધ્ધ કરવામાં આવતા નથી. (૨) સમાચારો લંબાણપૂર્વકને બદલે મુખ્ય હાર્દ આવી જાય-સમજાય જાય તેમ સુવાચ્ય અક્ષરોમાં લખી મોકલશો. (૩) બરછી દેશ-પરદેશ(વેબસાઇટ)માં વિસ્તરતું જાય છે બહોળા સમુદાયનો વ્યકિતગત લાભ મેળવવા 'બરછી'માં 'જાહેરાત' આપી શકો છો.

માણસ પોતાના દોષ જોતાં શીખે તો દુઃખ ઓછું થાય.

# -.- લગ્ન વિષયક જાહેરાત -.-

**માહિતી મેળવવા કાગળ-પેન તૈયાર રાખી ફોન કરો...નંબર : ૦૨૮૧-૨૪૫૩૦૬૩**
**સમય : બપોરે : ૧૨ થી ૧ રાત્રે ૮ થી ૯ દરમ્યાન જ.**

(૧) ધો. ૧૨ એક વર્ષનો પીજીડીસીએ. સર્ટી. કોર્ષ જન્મ ૧૧/૧૯૮૫ ,૫'૩" ઉંચાઈ નોકરી કરતી માંગલિક કન્યાને યોગ્ય યુવક સંપર્ક : ૦૨૬૫ મો.

(૨) બી.કોમ., ટેલી આઈટી એન્જીનીયર, જ. ૬/૧૯૮૩, ઉંચાઈ ૫'. ૭" જેએમએસ કંપનીમાં ભાવનગર ખાતે નોકરી કરતા (નિર્દોષ મંગળ) પાણ્યાનસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૨૭૮-

(૩) બી.કોમ., એમબીએ.,(ફાઇ.) જ. ૪/૧૯૮૪, ઉંચાઈ ૫'.૬" એકસીસ બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતા ગોપાલસ ગોત્રના વ. ના. બ્રા. યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૪) બી.ઇ.,એમબીએ., જ. ૧૨/૧૯૮૮, ઉંચાઈ ૫'.૩" એન્જીનીયર તરીકે લી. કાું.માં અમદાવાદ ખાતે નોકરી કરતા કૌડીનસ્ય ગોત્રના વ. ના. બ્રા. યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૨૬-(ઉપલેટા) મો.

(૫) એમ.કોમ., એમબીએ.(ફાઇનાન્સ) ઉ. ૨૬ મુંબઈ ખાતે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૨-

(૬) એમ.એ. (અંગ્રેજી) જ. ૪/૧૯૮૭ ઉંચાઈ ૫'.૧" સરકારી શિક્ષિકા તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૩૩- મો.

(૭) બી.એચ.એમ.એસ. જ. ૯/૧૯૮૬, ઉંચાઈ ૫'.૮" ઔક્ષણસ ગોત્રના ડોકટર યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧- મો.

(૮) બી.કોમ., આઈઆરપીએમ.(ઇન્ડ.મનેજમેન્ટ) જ. ૧૨/૧૯૮૫, ઉંચાઈ ૫'.૨" ગાંગ્યાનસ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૨૮૮-

(૯) બીબીએ., એમબીએ., જ. ૧૦/૧૯૮૪, ઉંચાઈ ૬'.૧" નોકરી કરતા ઔક્ષણસ ગોત્રના યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫-

(૧૦) બીસીએ.,ડીપ્લોમા ઈન પેઈન્ટીંગ,(એમબીએ અભ્યાસ ચાલુ) જ. ૬/૧૯૯૦, ઉંચાઈ ૫'.૨" ગાંગ્યાનસ ગોત્રની (મંગળ) કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮-

(૧૧) એમ.કોમ., જ. ૧૧/૧૯૮૬, ઉંચાઈ ૫'.૫", કાશ્યપ ગોત્રની કન્યાને યુવક. સંપર્ક : ૦૭૯-

(૧૨) ગ્રેજ્યુએટ, જ. ૫/૧૯૮૩, ઉંચાઈ ૫'.૩" કન્યાને યુવક. સંપર્ક : ૦૨૭૮-

(૧૩) ધો. ૧૨ સાયન્સ, કોમ્પ્યુટર કોર્ષ, જ. ૮/૧૯૭૮, ઉંચાઈ ૫'.૭" સારા પગારથી નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૭૯-

(૧૪) ઇન્ડ. કોમ્પ્યુટર એપ્લી., બી.કોમ.,(અભ્યાસ ચાલુ) જ. ૫/૧૯૮૩, ઉચાઈ ૫'.૮" સારી નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫-

(૧૫) ડીપ્લોમા ઈન હોટેલ મેનેજમેન્ટ, જ. ૯/૧૯૭૯, ઉચાઈ ૫'.૮", ફાઇવસ્ટાર હોટલમાં નોકરી કરતા, છૂટાછેડા થયેલ, માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫-

**ભલુ કરવાની ભાવનાવાળાને ભુલ કાઢવાનો અધિકાર છે.**

## " Be my Valentine "

**આ વર્ષે તમારે કોઈને કહેવું છે Be my Valentine તો અમે આપીએ છીએ...બેસ્ટ ચોઇસ. Be Our Member...તો ફોન કરો...**

# –:–:– મંગલ મેરેજ બ્યુરો –:–:–

**ફોનઃ- ૦૨૮૧ ૨૫૭૦૬૮૧ (મો) ૦૯૪૨૮૭૦૧૧૩૬/૯૯૨૫૭૯૮૯૮૯**
**સમય :- ૧૧ થી ૧, સાંજે ૫ થી ૭ ઈમેઈલ :** mamtadhebar@yahoo.in.

**<u>ઉચ્ચ શિક્ષણ અને નોકરી કરતી યુવતીઓની વિગત :</u>**

૧ નવેમ્બર – ૯૦ આર્કિટેકટ એન્જીનીયર ઉંચાઈ ૫'.૩'' સમકક્ષ યુવક જોઈએ છે.

૨ ઓકટોબર – ૮૮ બી.કોમ., એમસીએ. ઉંચાઈ ૫'.૪'' સમકક્ષ યુવક જોઈએ છે.

૩ ઓકટોબર – ૮૮ બી.કોમ., બી.એડ., ટીચર તરીકે નોકરી, માઈનોર શ્વાસની તકલીફ

૪ ઓકટોબર – ૮૭ બી.ફાર્મ.,એમ.ફાર્મ ચાલુ,ઉંચાઈ ૫'.૬''સમકક્ષ કે પેરામેડીકલ યુવક

૫ સપ્ટેમ્બર – ૮૬ બી. ફિઝીયોથેરાપી માટે એન્જીનીયર, ડોકટર, પેરામેડીકો યુવક.

૬ નવેમ્બર – ૮૬ એમ.કોમ., બી. એડ. ટીચરની નોકરી ઉંચાઈ ૫'.૫''

૭ ફેબ્રુઆરી – ૮૫ બી.કોમ. એલએલ.બી., સી.એસ. ઉંચાઈ ૫'.૩'' (મંગળ)

૮ એપ્રિલ – ૮૫ કેમીકલ એન્જીનીયર ઉંચાઈ ૫'.૪'' (મંગળ)

૯ ડીસેમ્બર – ૮૩ ઈસી એન્જીનીયર, બેંકમાં કલાસ–૧ ઓફીસર

૧૦ સપ્ટેમ્બર – ૮૩ બી.કોમ., એલએલ.બી. ઉંચાઈ ૫'.૩''

૧૧ ઓકટોબર – ૮૨ બી.એસ.સી.(મેથ્સ) ઉંચાઈ ૫'.૩'' (અમેરીકા સ્થિત)

૧૨ ઓકટોબર – ૮૨ બી.સી.એ., એમ.સી.એ. ઉંચાઈ ૫'.૪'' ટીસીએસ.માં નોકરી કરતી કન્યા માટે યોગ્ય યુવક.

**FOR GIRLS :**

We offer vide choice to say "Be my Valentine"
Contact : email : mamtadhebar@yahoo.in
or Dial : 0281-2570681, M. 94287 01136

<u>ચાલો વાસાવડ... ચૈત્ર સુદ આઠમ તા. ૩૧/૩/૧૨ ચાલો વાસાવડ...</u>

# --- દુર્ગાષ્ટમી ઉત્સવ ---

**વાઘેશ્વરી મંદિર, વાસાવડ, તા. ગોંડલ**

મા વાઘેશ્વરી મંદિર ખાતે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે જેમાં પધારવા જ્ઞાતિજનોને આમંત્રણ છે.

**તારીખ : ૩૧-૩-૨૦૧૨ ચૈત્ર સુદ આઠમ**
**પૂજા પ્રારંભ : સવારે ૮ : ૦૦ કલાકે**
**બીડું હોમવાનો સમય : બપોરે ૧૨ : ૦૦ કલાકે**

**<u>વિશેષ માહિતી માટે સંપર્ક કરો</u> :**

**રાજકોટ** : સમીર વસાવડા : મો. ૯૯૨૫૦૧૫૮૦૭
**રાજકોટ** : વિતેશ વસાવડા : મો. ૯૮૭૯૫૭૨૭૩૨ / ૯૪૨૬૯૬૮૩૬૩
**રાજકોટ** : પ્રવિણભાઈ વસાવડા : મો. ૯૯૨૫૮૩૪૨૩૩
**અમદાવાદ** : દેવલ વસાવડા - ૯૯૭૮૮ ૨૮૫૯૯ ભરત વસાવડા-
**વડોદરા** : પીનુભાઈ વસાવડા - ૯૭૨૫૦ ૨૨૪૭૦/ ૦૨૬૫-૨૩૯૩૬૧૨
**જૂનાગઢ** : ભવજીત વસાવડા-૯૪૨૭૭ ૩૩૯૦૨ - પરિમલ વસાવડા - ૦૨૮૫-૨૬૫૧૫૩૮.

**: <u>સૂચના</u> :**

(૧) સંખ્યા મુજબ એક બસ રાજકોટથી જશે..ભાડું રૂા. ૧૫૦/- રાખવામાં આવેલ છે. ભાડું (નોન રીફંડેબલ) છે. નામ નોંધવવા તા. ૧૦/૩થી ૨૫/૩/૧૨ સુધીમાં સવારે ૮ થી ૧૨ સાંજે ૪ થી ૮ દરમ્યાન મનોજભાઇ વસાવડા ઉત્સવ, ગીતગુર્જરી સોસાયટીનો સંપર્ક કરવો.
(૨) પૂજા વિધિમાં બેસવા સમીર વસાવડાનો સંપર્ક કરવો. (૩) મહેમાન કક્ષમાં એક નોંધપોથી રાખવામાં આવી છે, તે પૂજારી પાસેથી મેળવી અને તેમાં તમારાં સૂચનો, અભિપ્રાય અવશ્ય આપશો. (૪) માતાજીને ચરણે રૂા. ૫૧/-થી વધારે રકમ મુકવી હોય તો કાચી પહોંચ પૂજારી પાસેથી માંગો. મોટી રકમ કેશ કાઉન્ટર ઉપર જ આપી પહોંચ મેળવો. તમે ધરેલ ચૂંદડી પ્રસાદી તરીકે પરત મેળવી શકો છો.

**<u>વિશેષ માહિતી</u> :** બસ સવારે ૬:૩૦ કલાકે ગીતગુર્જરી સોસાયટી મેઇન રોડ, જૈન ઉપાશ્રય ચોક, રાજકોટ ખાતેથી ઉપડશે. પીક અપ સ્ટેન્ડ (૧) હનુમાન મઢી ચોક (૨) કેકેવી હોલ રહેશે અને આ જ રૂટથી બસ પરત આવશે...સહકારની અપેક્ષા.

## વાઘેશ્વરી પરિવાર

C/o. **સમીર વસાવડા 'દીનસુમન' ૬૦ નં. પ્રાથમિક શાળા સામે,**
**૫ છોટુનગર, રાજકોટ-૭.**

## રાજકોટના 'લિટલ શાઈનર્સ'નાં ભુલકાં ખેલકૂદનાં મેદાનમાં

તાજેતરમાં **પ્રતીક્ષા ધોળકિયાએ કોટેચાનગર** ખાતે શરૂ કરેલ **લિટલ શાઈનર્સ પ્લેહાઉસ**નાં ભુલકાંઓ માટે તા. ૧/૧ના રોજ હાઉસીંગ બોર્ડના બાગમાં રમતોત્સવ યોજાઈ ગયો. જેમાં દોડ, બેક દોડ, પોટેટો રેસ જેવી સ્પર્ધાઓમાં અઢી થી ચાર વરસના ટાબરિયાંઓ મોજથી જોડાયાં. તેમનાં પેરેન્ટસ માટે પણ ખેલકૂદની સ્પર્ધાઓ રખાયેલી. મોમેન્ટોથી વિજેતાઓને સન્માનવામાં આવ્યા. નિયમિત શિસ્તબધ્ધ બૌદ્ધિક અભ્યાસ ઉપરાંત નાનાં ભુલકાંના વ્યકિતત્વનો સહજ વિકાસ થાય અને તેઓ સફળની સાથે સંસ્કારી નાગરિકો બને તેવી અનેક પ્રવૃત્તિઓ, અદ્યતન સાધનની મદદથી લિટલ શાઈનર્સમાં જારી રાખવાની **પ્રતીક્ષા મેડમ**ની ધગશનો સારો પ્રતિસાદ મળી રહયો છે.


SPOKEN ENGLISH &
PERSONALITY DEVELOPMENT
ALSO
PSI / GPSC / CSAT /
BANK CELRK / BANK PO
JOIN THE **FINEST INSTITUTE** FOR CRACKING COMPETITIVE EXAMS... REGISTRATION OPEN
**CONTACT : DHRUTI DHEBAR**
**9662038821, 9662013795**
**ACUBE ACADEMY**
GOLD COIN, JODHPUR CR. ROAD,
SATELLITE, AHMEDABAD -15.


## કાકાશ્રીને ૧૬મી પૂણ્યતિથિએ શ્રધ્ધાસુમન

દુઃખમાં વિતાવી બાલ્યાવસ્થા-વિના માતૃપ્રેમ ઉડવું હતું-ગગનમાં વિના પંખ-
બનેવીશ્રીએ પકડયો હાથ લઈ ગયા પોતાના નિવાસસ્થાને-અપાવ્યું તબીબી વિદ્યાનું શિક્ષણ - બનાવ્યા તબીબ-શીખ લીધી બનેવીશ્રી પાસેથી -નિસ્વાર્થ નજીવી - વ્યાજબી કિંમતે દીન- ગરીબજનોની સેવા કરવાની-એ જ શીખ જાળવી રાખી-અંતિમ વિદાયે દિન તા. ૨૪-૦૨-૯૬ શનિવાર સુધી.
માંગીએ છીએ.... પરમકૃપાળુ ઈશ્વર પાસે મળજો કાકાશ્રી તરીકે આપ જ
જન્મોજન્મ- ભવોભવ...

**નીતિન ધોળકિયા- આમરણ-જામનગર**

## પિતાશ્રીને ૧૬મી પૂણ્યતિથિએ શ્રધ્ધાસુમન

દુઃખમાં વિતાવી બાલ્યાવસ્થા-વિના માતૃપ્રેમ અમોને આપ્યું અપાર સુખ- શીખ લીધી પિતાશ્રી પાસેથી નીતિ પ્રમાણિકતા-વફાદારી ખૂમારી, કરકસર,નિયમીતતા, સહનશીલતા ખેલદિલી, વિશ્વાસથી જીવન જીવવાની. એ જ શીખ અર્પણ કરી લોહીમાં વારસો સંતાનોને સ્તબ્ધ કરી નાગર જ્ઞાતિને દર્શાવી ઉત્કૃષ્ટ- અતૂટ ભ્રાતૃપ્રેમ લઈને અંતિમ વિદાયે દિન તા. ૨૬-૦૨-૯૬ સોમવારના દિને એકાએક ચક્ષુ-દેહદાન. માંગીએ છીએ...પરમકૃપાળુ ઈશ્વર પાસે મળજો કાકાશ્રી તરીકે આપ જ જન્મોજન્મ- ભવોભવ...

**નીતિન ધોળકિયા-આમરણ-જામનગર**

મનને મુકવું ને માનને મુકવું તે મહાત્માને પણ કઠણ પડી જાય છે.